અપીલ અરજી નં.૧૦૧ તા.૩૦–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૫–૪–૧૧ ની અરજીથી લંબે હનુમાન રોડ, દિવ્ય વસુંધરા ફલેટની પાછળ, સુરભી એપાર્ટમેન્ટ સામે નવિ વસાહત,મફત નગર, ગણેશ નગર, શિવાજીનગર, આંબાવાડી દલિત વસાહત, સેવા સંઘ વગેરે વિસ્તારને ડ્રેનેજ લાઈન આપવા બાબતની એક વિનંતી અરજી તા.૫–૨–૧૧ નાં રોજ ૪ પ્રતિનિધિઓના સહીઓ સાથે આપેલ છે. આજ સુધી અમોને લેખીત અથવા કોઈ પ્રતિ ઉત્તર આપેલ નથી. કયારે પ્રતિ ઉત્તર કે કાર્યવાહી થશે એની માહિતિ આપો. અમારા વિસ્તારમાં વર્ષોથી ડ્રેનેજ લાઈન નથી. વરસાદી પાણીના નિકાલ માટે કરેલ પાઈપ લાઈનમાં ગટરનું પાણી ચોકડીઓમાં નીકળતું પાણીનું કનેકશન વરસાદી પાણીના નિકાલ માટે કરેલ પાઈપ લાઈનમાં જોડાણ કરેલ છે માટે અમારા આ વિસ્તારમાં હર હંમેશા ગટરનું પાણી ખુલ્લામાં ગલીઓમાં વહે છે આજની તારીખમાં એ જ પરિસ્થિતિ છે. આપના વિભાગ તરફથી સ્થળ તપાસ કરી ડ્રેનેજ લાઈન બાબતની કાર્યવાહી કયારે કરવાના છો એની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૫–૧૧ ની **SMC/FAP/** નં.૧૦૧/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૫–૪–૧૧ ની અરજીથી લંબે હનુમાન રોડ, દિવ્ય વસુંધરા ફલેટની પાછળ, સુરભી એપાર્ટમેન્ટ સામે નવિ વસાહત,મફત નગર, ગણેશ નગર, શિવાજીનગર, આંબાવાડી દલિત વસાહત, સેવા સંઘ વગેરે વિસ્તારને ડ્રેનેજ લાઈન આપવા બાબતની એક વિનંતી અરજી તા.૫–૨–૧૧ નાં રોજ ૪ પ્રતિનિધિઓના સહીઓ સાથે આપેલ છે. આજ સુધી અમોને લેખીત અથવા કોઈ પ્રતિ ઉત્તર આપેલ નથી. કયારે પ્રતિ ઉત્તર કે કાર્યવાહી થશે એની માહિતિ આપો. અમારા વિસ્તારમાં વર્ષોથી ડ્રેનેજ લાઈન નથી. વરસાદી પાણીના નિકાલ માટે કરેલ પાઈપ લાઈનમાં ગટરનું પાણી ચોકડીઓમાં નીકળતું પાણીનું કનેકશન વરસાદી પાણીના નિકાલ માટે કરેલ પાઈ પ લાઈનમાં જોડાણ કરેલ છે માટે અમારા આ વિસ્તારમાં હર હંમેશા ગટરનું પાણી ખુલ્લામાં ગલીઓમાં વહે છે આજની તારીખમાં એ જ પરિસ્થિતિ છે. આપના વિભાગ તરફથી સ્થળ તપાસ કરી ડ્રેનેજ લાઈન બાબતની કાર્યવાહી કયારે કરવાના છો એની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૬ તા.૮–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતિ અધિકારી તરફથી માહિતિ મળેલ હોય તો તે વિગતો નારાજગીના આધાર સહિત રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનની પૂરક વિગતોમાં સંકલન વરાછાના પત્રથી જાવક નંબર, તારીખ વિનાના પત્ર ધરાવતી વિગતો તા.૨૦–૬–૧૧ ના રોજ અત્રે મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૧ તા.૨૪–૫–૧૧ ની નકલ સામેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૫–૪–૧૧ ની અરીજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા.૩૦–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/૬૧ તા.૨૪–૫–૧૧ થી " પત્રમાં જણાવેલ વસાહતો મહાનગરપાલિકાની માલીકીની ટીપી રસ્તા/ રીઝર્વેશન પ્લોટ તેમજ ખાનગી માલીકીમાં આવતી હોય જે પૈકી ટીપી રસ્તા તેમજ રીઝર્વેશન પ્લોટમાં આવેલ વસાહતોને વૈકલ્પિક વ્યવસ્થા આપી અન્ય જગ્યાએ સ્થળાંતર કરવાની હોય હાલ તુરંત આ અંગે કોઈ કાર્યવાહી કરવાનું આયોજન કરવામાં આવેલ નથી તેવું જણાવેલ. અરજદારને નારાજગીના કોઈ આધાર હોય તે જણાવવા માટે પત્ર પાઠવવામાં આવેલ જે બાબતે અરજદાર તરફથી કોઈ વિગતો રજૂ કરેલ નથી. આમ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ છે જેથી અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી  અધિકારી (વરાછાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,